આધ્યાત્મિક જીવન, ધાર્મિક જીવન અને સામાન્ય માનવજીવન (નિતિમત્તા જે સામાન્ય માનવજીવનનું અંગ છે) આ ત્રણે એકબીજાથી ભિન્ન છે. વ્યક્તિ પોતે આ ત્રણમાંથી ક્યા પ્રકારનું જીવન ઝંખે છે એ એણે જાણી લેવું જોઈએ અને આ ત્રણેને વ્યક્તિએ ભેળસેળ કરવા જોઈએ નહિ.

**શ્રી અરવિન્દ**

(SABCL Vol. 22 - P.137)

# અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે)

## અખિલ ભારત પત્રિકા

**શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.**

નવેમ્બર-૨૦૦૮ વર્ષ : ૩૩ અંક : ૦૨ સળંગ અંક ૩૮૮

# અનુક્રમ


| | |
|---|---|
| 'આ હમણાં' ની કેડી | ૩ |
| તમારા અસ્તિત્વનો હેતુ આ છે | ૭ |
| Religion અને યોગ વચ્ચેનો તફાવત | ૧૧ |
| નીતિમત્તા અને આધ્યાત્મિકતા વચ્ચેનો તફાવત | ૧૬ |
| આધ્યાત્મિકતા એટલે શું ? | ૧૮ |
| યોગ એટલે શું ? | ૧૯ |
| **આરોગ્ય અંગે :** | |
| ખોરાક પરત્વેનું વલણ | ૨૦ |
| **ભારત વિશે** | |
| ભારત વિશેનું શ્રી અરવિન્દનું દર્શન | ૨૨ |
| ઝળહળતા ઓજસની માતાનું સ્તોત્ર | ૨૩ |
| ગીતા નિબંધો | ૨૬ |
| વૃત્ત વિશેષ | ૩૧ |


**મુખપૃષ્ઠ :** આ પુષ્પોને શ્રી માતાજીએ આપેલું આધ્યાત્મિક નામ :

**આધ્યાત્મિક આરોહણ**

**(નિર્ભય, નિયમિત અને એકધારું)**



# 'આ હમણાં' ની કેડી

## 'આ હમણાં' ની કેડી અને 'આવતી કાલે' નો માર્ગ કેવલ શૂન્યના કિલ્લામાં જ લઈ જાય છે.

રસ્તાની બે ય બાજુએ વિવિધ રંગના ફૂલો આંખને પ્રસન્ન કરી રહ્યાં છે, નાના નાના છોડ પરની ગંઠાળી ડાળો પર લાલ લાલ બોર ચમકી રહ્યાં છે, અને ખેતરોમાંના પાકેલા ઘઉં પર દૂર દૂર સૂર્યનો પ્રકાશ ઝળહળતો રેલાઈ રહ્યો છે.

આવા માર્ગ ઉપર એક નવજુવાન પ્રવાસી સ્ફુર્તિથી ચાલી રહ્યો છે. પ્રભાતની શુદ્ધ હવા તે આનંદપૂવક ફેફસાંમાં ભરી રહ્યો છે. એ આનંદમાં મસ્ત લાગે છે, ભાવિની એને ફિકર દેખાતી નથી. રસ્તો આગળ વધતાં વધતાં એક મોટા ચોગાનમાં પહોંચે છે અને એ ચોગાનમાંથી પાછી અનેક દિશાઓમાં અનેક નાની નાની કેડીઓ ફંટાય છે.

જુવાન જુએ છે કે એ કેડીઓ ઉપર અનેક પગલાં પડેલાં છે અને તે બધાં એકબીજામાં ભેળસેળ થઈ ગયેલાં છે. સૂર્ય તો આકાશમાં એવો જ બરાબર ઝળહળી રહ્યો છે. પંખીઓ વૃક્ષોની અંદર કૂંજી રહેલાં છે. લાગે છે કે આખો યે દિવસ બહુ સરસ નીવડવાનો છે. જુવાન ઝાઝો વિચાર કર્યા વગર, નજીકમાં નજીકની કેડી, બીજી કેડીઓ કરતાં વધારે સરળ લાગતી કેડી પકડી લે છે. ઘડીભર એને થાય કે બીજી કેડી લીધી હોત તો સારું થાત. પણ વળી વિચારે છે કે, કાંઈ નહિ, આ કેડી આગળ જતાં અટકી જશે તો વળી પાછા ફરી જઈશું. પૂરતો વખત છે. ત્યાં તો એક અવાજ તેને કહેતો સંભળાય છે : પાછો જા, પાછો જા આ માર્ગ સાચો નથી. તું ભૂલ્યો છે. પણ જુવાનને આસપાસનું દૃશ્ય બહુ મનોહર લાગે છે. શું કરવું ? એને કંઈ ખબર નથી પડતી. એ ચાલ્યો જ જાય છે, કંઇ પણ નક્કી કર્યા વિના. વર્તમાનની મઝા તે લૂંટ્યે જાય છે અને પેલા અવાજને જવાબ આપે છે : 'આ હમણાં જરા થોડું ફરી લઉં, પછી વિચાર કરીશ. વખત પૂરતો છે.' ત્યાં એની આસપાસનું જંગલ એને કાનમાં કહે છે, હમણાં જ. હા ભાઇ, 'હમણાં જ,' હા, 'હમણાં જ.' માથે સૂર્યનાં તેજસ્વી કિરણ હવાને હૂંફથી ભરી રહેલાં છે, આ સુગંધી હવા વાઈ રહી છે, એનો ઉચ્છ્વાસ કેવો તો મધુર છે ! આ હમણાં જ, હમણાં જ પાછો વળું છું, એમ વિચારતો વિચારતો જુવાન આગળ વધ્યે જાય છે. એની કેડી પહોળી થવા લાગે છે. દૂર દૂરથી અવાજો સંભળાવા લાગે છે, 'તું કયાં જાય છે, ભલા માણસ ? આ તો તારા વિનાશનો માર્ગ છે. અરે, તું તો હજી બચ્ચું છે. આવ આવ. એ મારગ મૂકી અમારી પાસે

આવ, શિવ અને સત્યની પાસે આવ. સુંવાળી ને સરળ ચીજોથી ભરમાતો ના. વર્તમાનને ખોળે પોઢીશ ના. ભાવિની ભણી જાગૃત થા, જાગૃત થા.' અને એ અળખામણા અવાજોને જુવાન જવાબ આપે છે. 'આ હમણાં જ, હમણાં જ આવું છું.' તેને જતો જોઈને માર્ગનાં ફૂલો હસે છે અને વારંવાર બોલે છે, આ હમણાં જ, આ હમણાં જ.' અને કેડી વધુ ને વધુ વિશાળ બનતી જાય છે. સૂર્ય ચડતો ચડતો માથે આવે છે. દિવસ બરાબર ખીલી રહે છે. નાનકડી કેડી હવે મોટો માર્ગ બની રહે છે.

રસ્તો હવે સફેદ છે, ધૂળથી ભરેલો છે. બે ય બાજુએ નાજુક નાજુક સરુના ઝાડ આવે છે. એક ઝરણું પોતાનો આછો કલરવ સંભળાવે છે. જુવાન ચારે કોર નજર નાખે છે, પણ આ લાંબા લાંબા માર્ગનો કયાંય છેડો દેખાતો નથી.

જુવાનને મનમાં હવે છૂપી છૂપી બેચેની થવા લાગે છે. તે બોલી ઊઠે છે, 'આ હું કયાં આવ્યો છું ? કયાં જાઉં છું ? હશે, પણ વિચાર કરવાની, ચિંતા કરવાની જરૂર જ શી છે ? ચાલો, હમણાં તો આ અનંત માર્ગે ચાલ્યે રાખીએ, આગળ આગળ, વિચારવાનું કાલે કરીશું.'

હવે નાનાં નાનાં સરુ અદૃશ્ય થવા લાગે છે. અને મોટાં મોટાં ઓક આવવા લાગે છે. એક નાનકડી ખીણ હવે શરૂ થઈ છે, અને રસ્તાની બે ય બાજુએ જમીન ઊંડે ઊતરવા લાગી છે. મુસાફરને કશો થાક દેખાતો નથી. ઘેનમાં ચાલતો હોય તેમ એ આગળને આગળ ખેંચાતો જાય છે.

ખીણ હવે વધુ ઊંડી થવા લાગે છે. ઓકને બદલે હવે ફર વૃક્ષો આવવા લાગે છે. સૂર્ય હવે ઢળવા લાગ્યો છે. જુવાન બેબાકળો થઈ ચારે કોર જોવા લાગે છે. તે જુએ છે કે ખીણની અંદર અનેક માનવ આકારો આળોટી રહેલા છે. કેટલાક ઝાડોને વળગી રહેલા છે, તો કેટલાક સીધા ખડકોને બાઝી રહેલા છે, તો કેટલાક જમીનમાંથી બહાર નીકળેલાં મૂળને પકડી રહેલા છે. એમાંથી કેટલાક ઉપર ચડવાને તનતોડ મથી રહેલા છે. પણ એ ખીણની ટોચ સુધી પહોંચે ન પહોંચે અને ત્યાં તો પાછું મોં ફેરવી લે છે, પાછા નીચે સરી પડે છે.

કેટલાક ગૂંગળાતા રૂંધાયેલા અવાજો મુસાફરને કહે છે, 'જતો રહે, જતો રહે. ભાગી જા અહીંથી. પેલા ચોગાનમાં ચાલ્યો જા. હજી વખત છે, હજી વખત છે.' જુવાન આદમી ઘડીક અચકાય છે અને કહે છે, 'આવતી કાલે.' નીચે ખીણમાં આળોટતાં માનવ શરીર જોવાં ન પડે માટે તે બે ય હાથથી આંખો ઢાંકી લે છે અને દોટ મૂકે છે. કોઈ અદમ્ય વસ્તુ હજી એને ધકેલી રહી છે. પોતે કયાં જઈ રહયો છે એની હવે એને પરવા નથી રહી. એનાં ભવાં ચડી ગયાં છે, કપડાં વીંખાઈ ગયાં છે, જીવ પર આવી એ પૂર વેગમાં દોડી રહ્યો છે. આખરે એને લાગે છે પેલી ગોઝારી જગા પોતે વટાવી ચૂકયો છે, અને એ આંખો ખોલે છે.



હવે ફર ચાલ્યાં ગયાં છે. ચારે કોર હવે ભૂખરી ભૂખરી ધૂળ છે અને એમાં લુખ્ખા લુખ્ખા પથ્થર પડેલા છે. સૂર્ય ક્ષિતીજની પાછળ અદૃશ્ય થઈ ગયો છે, રાત્રિનું આગમન દેખાવા લાગ્યું છે. અને ત્યાં તો રસ્તો હવે એક અફાટ રણમાં ગુમ થઈ જાય છે. પેલો જુવાન મુસાફર હવે હતાશ થઈ ગયો છે. એને હવે થોભવું છે, પણ થોભાય તેમ નથી. એને ચાલ્યે જ છૂટકો છે. એની આસપાસ બધું વેરાન છે. ગૂંગળાયેલી ચીસો એને સંભળાય છે. એના પગમાં હાડપિંજરો ભટકાય છે. દૂર દૂર ઘેરું ધુમ્મસ ભયાનક આકારો ધારણ કરી રહ્યું છે, કાળા કાળા ઢગલા આકાર લઈ રહ્યા છે. અને કોઈક મહા કદરૂપી, પ્રચંડ આકારની વસ્તુ આછી આછી દેખાઈ રહી છે. મુસાફરને થાય છે કે એ આરામની જગા હશે. એને ત્યાં પહોંચવું છે. પણ એ જગ્યા જાણે આવતી જ નથી. તે જાણે તેનાથી દૂર ને દૂર જ સરકતી રહે છે. અને હવે તો તે ચાલતો નથી, દોડે છે. જંગલી અવાજો તેના કદમને ધકેલી રહ્યા છે. જાણે ભૂતાવળોને ઘસાતો તે દોડી રહ્યો છે.

આખરે એ જુએ છે કે પોતે એક મોટા કિલ્લાની સામે આવીને ઊભો છે. જાણે કે ભૂતનો વાસ હોય એવો એ ભેંકાર, ઉજ્જડ, ઉદાસ કિલ્લો હતો. પણ આ જુવાન એ સ્થળની ઉદાસીનતાનો વિચાર કરતો નથી. કિલ્લાની કાળી કાળી ઊંચી દીવાલો એને ડરાવતી નથી. કિલ્લાના બિહામણા બુરજો જોઈ, એની આસપાસની ધૂળભરી જમીન જોઈ એ ગભરાતો નથી. એને માત્ર એક જ વિચાર આવે છે, હાશ, છેવટે કોઈ જગાએ પહોંચાયું છે ખરું. પોતાનો થાક, નિરાશા એ બધું તે ભૂલી જાય છે ને કિલ્લાની પાસે પહોંચે છે. અને શું બને છે ? આહ, કિલ્લાની ભીંત સાથે એ સહેજ ઘસાય છે ત્યાં તો એ આખી યે કડડાટ કરતી તૂટી પડે છે. અને તે જ ક્ષણે આખો કિલ્લો તૂટવા લાગે છે. ચારે કોર બુરજો, કાંગરા, કોટ ફટાફટ પડવા લાગે છે. જોતજોતાંમાં આખો યે કિલ્લો ધૂળનો ઢગ થઈ જાય છે, આસપાસની ધૂળ ભેગી થઈને એક મોટો ધૂળનો ઢગ બની જાય છે.

અને કિલ્લામાંની વસ્તી, ઘુવડ, કાગડા, ચામાચીડિયાં ચીસાચીસ કરતાં ઊડવા લાગે છે, પેલા મુસાફરના માથા પર ઘૂમવા લાગે છે. એ જુવાન આ બધું જોઈ દિગ્મૂઢ થઈ જાય છે, હતાશ થઈ જાય છે, થાકી જાય છે, ઊભો છે ત્યાં ને ત્યાં જ ચોંટી જાય છે. અને આફતમાં કાંઈ બાકી રહ્યું હોય તેમ એની સામે એક ભેંકાર ભૂતાવળ આવીને ખડી થાય છે. એ બધાં ભાતભાતનાં પ્રેત છે. એમનાં નામ છે નિરાશા, એકલતા, જીવન પ્રતિ ધૃણા ઇ૦. અને એ મહા ખંડેરની વચ્ચે એને છેવટે એક મહા ભયંકર પ્રેત દેખાય છે. એ છે આપઘાત, ફિક્કો અને શ્યામ. એક ખીણની ટોચ ઉપર તે ઊભો છે. અને આ આખી પિશાચ દુનિયા જુવાનને ઘેરી લે છે, ધસી ધસીને એને બાઝે છે, પેલી ખીણના ખુલ્લા ડાચા તરફ તેને ધકેલે છે. બિચારો જુવાન, આ બળવાન દુશ્મનો સામે થવા તે પ્રયત્ન કરે છે.

એને હવે પાછા જતા રહેવું છે, અહીંથી નાસી છૂટવું છે, આ અદૃશ્ય હાથોની ચૂડમાંથી ભાગી છૂટવું છે. પણ અફસોસ, હવે બાજી એના હાથમાં નથી. પેલી મોતની ખીણ તરફ તે ધકેલાતો જાય છે. કોઈ એને ખેંચી રહ્યું છે, ભૂરકી નાખી રહ્યું છે. એ બૂમ પાડી ઊઠે છે, પણ કોઈ જવાબ મળતો નથી. પેલાં ભૂતો પર એ ધસે છે, પણ કોઈ એના હાથમાં આવતું નથી. જુવાન બેબાકળો થઈ જાય છે. ગભરાયેલી, મૂંઝાયેલી આંખે એ ખાલી આકાશ ભણી તાકી રહે છે. અને એ મદદ માટે પુકાર કરે છે, કોઈ અદૃશ્ય તત્ત્વને કરગરે છે, પણ જવાબમાં એને સંભળાય છે એક અટ્ટહાસ્ય, ક્રૂર અને કઠોર.

અને હવે એ ધકેલાતો ખીણના મથાળા સુધી આવી લાગ્યો છે. આ હવે એક ડગલું, બીજું ડગલું અને ખલાસ. બચવાને એણે એક મરણિયો પ્રયત્ન કરી લીધો, પણ હાય, એ પણ કામ ન આવ્યો. અને એ ગબડ્યો. ગબડ્યો નીચે.....પથારીમાંથી.

એક જુવાન વિદ્યાર્થીને આવેલું આ સ્વપ્ન હતું, અને એ સ્વપ્નમાં તેને આ રીતનો ઓથાર ચડી આવેલો હતો. આવતી કાલે સવારે તેને એક પાઠ તૈયાર કરવાનો હતો. પણ દિવસના કામથી એ સહેજ થાકેલો હતો એટલે ઘેર આવી એ બોલ્યો, 'આ હમણાં જ થોડી વાર પછી કરી નાખું છું.' પણ થોડી વાર બેઠા પછી તેને થયું, આમ કરું તો ? અત્યારે વહેલો સૂઈ જાઉં તો સવારે વહેલું ઉઠાશે, અને થોડી વારમાં જ બધું કામ થઈ જશે. અને 'ચાલો ભાઈ, સૂઈ જ જઈએ ત્યારે. સવારે કામ સારું થશે, અને રાતમાં જ્ઞાન પણ વધશે.' એમ કહી તે સૂઈ ગયો. પણ પોતે કહે છે તેમ થશે જ તેવી તેને શ્રદ્ધા ન હતી. આપણે જોઈ ગયા તેવું સ્વપ્ન, તેવો ઓથાર તેને ઊંઘમાં ચડી આવ્યો. તેની ઊંઘ બગડી ગઈ. પથારીમાંથી ગબડી પડતાં તે ચોંકીને જાગી પડ્યો. અને પોતાને આવેલા સ્વપ્નનો વિચાર કરતાં તે બોલી ઊઠ્યો : 'અરે, પણ આ વાત તો સાવ સાદી છે. આ જે કેડી મેં જોઈ તે 'આ હમણાં' ની કેડી છે, પેલો રસ્તો જોયેલો તે 'આવતી કાલે' નો રસ્તો છે. અને પેલો મોટો કિલ્લો જોયો તે 'મહા શૂન્ય' નો કિલ્લો છે.' અને પોતાને સ્ફુરેલા આ જ્ઞાનથી ઉલ્લાસમાં આવી તે કામ કરવા બેસી ગયો. અને પોતાના મનમાં તેણે પાકો નિશ્ચય કરી લીધો કે જે કામ આજે કરી શકાય તે આવતી કાલ પર નહિ રાખું. 'આ હમણાં' ની કેડી કદી નહિ લઉં.

(૧૮૯૩ માં લખાયેલું)

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૨ પૃષ્ઠ ૧૮૨ થી ૧૮૫)



# તમારા અસ્તિત્વનો હેતુ આ છે

દિવ્ય અતિમાનવ બની રહેવું અને ઈશ્વરના સંપૂર્ણ કરણ બની જવું એ જ તમારા અસ્તિત્વનો હેતુ છે. તમારું નિયત થયેલું કાર્ય પણ એ જ છે કે જેને માટે તમે આ ધરા પર આવ્યા છો. તે સિવાયનું જે કંઈ તમારે કરવાનું હોય છે તે તમારી તૈયારી રૂપે હોય છે, તથા આનંદને ખાતર કરવાનું હોય છે. અને આમ એ તમને તમારા ધ્યેયથી દૂર લઈ જનારું પણ બની રહે. પરંતુ ધ્યેય તો છે દિવ્ય પરિપૂર્ણતા, અને અસ્તિત્વનો હેતુ પણ એ જ છે. જીવનમાં કાર્યો દ્વારા આનંદ કે શક્તિ જ પ્રાપ્ત કરવાં એ ધ્યેય નથી. ખરી રીતે ધ્યેયપ્રાપ્તિના આનંદમાં જ તમારા અસ્તિત્વની મહત્તા અને મુદ્દા સમાયેલાં છે. કાર્ય કરતાં જે આનંદ અનુભવાય છે તેનું કારણ એ છે કે જે સત્-તા તમને એના પ્રત્યે ખેંચી રહી હોય છે તે માર્ગ પર તમારી સાથે જ હોય છે, તમને સહાય કરતી હોય છે. આમ આરોહણ માટેની શક્તિ પણ તમને આપવામાં આવેલી હોય છે જેથી તમે તમારા અસ્તિત્વના ઉત્તુંગ શિખરો સુધી આરોહણ કરી શકો.

તમારી કંઈ જો ફરજ હોય તો તે આ છે, તમે પૂછો છો કે અસ્તિત્વનો હેતુ શું હોઈ શકે ? તો આ છે તમારા અસ્તિત્વનો હેતુ. આનાથી મોટો બીજો કોઈ આનંદ નથી કારણ કે તે સિવાયના બધા આનંદ મર્યાદિત ને અધૂરાં છે. તે સ્વપ્નમાંના આનંદ જેવા, ઊંઘમાં મળતા આનંદ જેવા, તથા પોતાની જાતનું વિસ્મરણ કરી દેતાં પ્રાપ્ત થતાં આનંદ જેવા હોય છે. પરંતુ હું જે આનંદની વાત કરું છું તે તમારા સમગ્ર અસ્તિત્વનો આનંદ છે. તમે પૂછશો કે આ અસ્તિત્વ શું છે ? તો ઈશ્વર છે તમારું અસ્તિત્વ. તે સિવાયનું બધું એનું જ વિકૃત બાહ્ય સ્વરૂપ છે. અથવા તો અધૂરું સત્ય છે. તમે જો સત્ય ઇચ્છતા હો તો સત્ય આ છે. તમારી સમક્ષ આ સત્યને મૂકો અને તેને વફાદાર રહો.

કોઈકે સત્યને જોયું પણ પડદાથી આચ્છાદિત. અને બુરખાને ચહેરો માની લઈ એણે કહ્યું કે તમારું ધ્યેય તમારા સ્વરૂપમય બની રહેવું એ જ છે. પછી એ જ વ્યક્તિએ જણાવ્યું કે માણસની પ્રકૃતિનો ગુણધર્મ જ એ છે કે તે પોતાની જાતને ક્રમી જાય. સાચે જ, માણસનો સ્વભાવ આ જ છે અને એ જ તેનો દિવ્ય હેતુ પણ છે.

તો પછી એ કયું સ્વરૂપ જેને વ્યક્તિએ ક્રમી જવાનું છે ? અને એ સ્વરૂપ કયું જેને એણે પ્રાપ્ત કરવાનું છે ? જાણવાનું છે ? આ અગત્યનો મુદ્દો છે. તમારે અહીં જ સાવધાન રહેવાની જરૂર છે. પોતાની જાતને ન જાણવી એ સર્વે આપત્તિ અને પડતીનું મુખ્ય કારણ છે.

તમારું જે બાહ્ય સ્વરૂપ છે જેને આપણે માણસ તરીકે ઓળખીયે છીએ તેને ક્રમી જવાનું છે. અને આ બાહ્ય સ્વરૂપ શું છે ? એ છે મનોમય પુરુષ જે જડતત્ત્વ અને પ્રાણશક્તિનો ગુલામ છે. અને જ્યારે આ બે તત્ત્વોની ગુલામીમાંથી મુક્ત હોય છે ત્યારે તે મનનો ગુલામ હોય છે.

આ ગુલામી, મનની ગુલામી, એ મોટામાં મોટી ગુલામી છે. કારણ મનના ગુલામ હોવું એ જૂઠાણું, મર્યાદાઓ, અને આભાસોના ગુલામ હોવા બરાબર છે.

તમારે જે સ્વરૂપમય બની રહેવાનું છે તે છે તમારા અંતઃકરણમાં, મન, પ્રાણ અને પદાર્થના પડદા પાછળ રહેલું સત્ય સ્વરૂપ. એ સ્વરૂપમય થવું એટલે આધ્યાત્મિક, દિવ્ય, અતિમાનવ અને સત્ પુરુષ બની રહેવું. કારણ કે જે મનોમય સ્વરૂપથી પર છે તે છે અતિમાનસિક. સ્વરૂપમય થવું એટલે તમારાં પ્રાણ અને શરીરના માલિક બની રહેવું; જે પ્રકૃતિના તમે રમકડાં રૂપ બની રહી એના પગ તળે કચડાતા રહેતા હતા એના સ્વામી બની રહેવું. એ છે ગુલામીમાંથી મુક્તિ, વિભાજનમાંથી એકતા, મર્ત્યતામાંથી અમર્ત્યતા તેમજ અંધકારમાંથી પ્રકાશ તરફ અને દુઃખમાંથી સુખ તરફ, નબળાઈઓમાંથી શક્તિ તરફ ગતિ. અનંતમાં રહી સાન્ત્‌ને ધારણ કરવું, ઈશ્વરમય થવું અને એના સ્વરૂપ સાથે ઐક્ય સાધવું. આ છે પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરવું તે. બાકીનું બધુંય તેમાંથી જ બની આવે છે.

તારા સ્વરૂપમાં મુક્ત બની રહે અને એ રીતે તારાં મન, પ્રાણ અને શરીરમાં પણ મુક્ત થઈ રહે. સ્વતંત્રતા એ જ છે આધ્યાત્મિક્તા.

ઈશ્વર સાથે અને દરેક વ્યક્તિ સાથે ઐક્ય અનુભવ. તારા સત્ય સ્વરૂપમાં નિવાસ કર. ક્ષુદ્ર અહમ્‌માં નહિ. એકતા એ છે આધ્યાત્મિકતા.

તારા સ્વરૂપમાં અમર બની રહે અને મૃત્યુમાં તારો વિશ્વાસ મૂકીશ નહિ. મૃત્યુ શરીરને પ્રાપ્ત થાય છે, તને નહિ, અમરતા એ જ છે આધ્યાત્મિકતા.

અમર થવું એટલે પોતાના સ્વરૂપ, ચેતના અને મુદામાં અનંત સત્ બની રહેવું. કારણ અનંતતા એ છે આધ્યાત્મિકતા, અને જે કાંઈ સાન્ત્ છે તે પોતાની અનંતતા દ્વારા જ ટકી રહેતું હોય છે.

તમે પોતે જ આ બધું છો અને માટે જ તમે એના જેવા બની શકો છો પણ જો તમે પોતે જ આ વસ્તુમય ન હો તો તમે એ બની શકતા નથી. જે તમારી ભીતર રહેલું છે ફક્ત તે જ તમારા સ્વરૂપ દ્વારા પ્રકટ થઈ શકે છે. અલબત્ત તમે જે છો તેનાથી જુદા જ દેખાવ છો ખરાં, પણ તમારા બાહ્ય સ્વરૂપના આભાસોના ગુલામ બની રહેવાની શું જરૂર છે ?

તેને બદલે જાગ્રત થાવ, તમારી જાતને અતિક્રમી જાવ, સ્વરૂપમય બની રહો, તમે માનવ છો અને માનવની પ્રકૃતિ છે પોતે જે છે તેનાથી વધુ બનવા

પ્રયત્ન કરતા રહેવું. પહેલાં એ માનવ-પશુ હતો, આજે એ પશુમાનવમાંથી આગળ વધ્યો છે. તે વિચારક છે, શિલ્પી છે, સુંદરતાનો આરાધક છે. તે વિચારકથી આગળ વધી જ્ઞાનનો દ્રષ્ટા થશે. સામાન્ય શિલ્પીમાંથી તે સૃષ્ટા બનશે. અને સૃષ્ટિનો માલિક બની રહેશે. સૌંદર્યની આરાધના દ્વારા એ અસ્તિત્વની બધી સુંદરતા અને આનંદનો ભોક્તા થશે. શારીરિક અસ્તિત્વ ધરાવતો એ અમર્ત્યતાની વાંચ્છના કરી રહ્યો છે. પ્રાણમય સૃષ્ટિમાં રમતો, એ અમર જીવનની તથા અનંત શક્તિની અભીપ્સા સેવી રહ્યો છે. માનસિક પ્રાણી, જે પોતાના આંશિક જ્ઞાનમાં રાચી રહે છે, એવો એ, સંપૂર્ણ પ્રકાશમય સત્ય અને છેવટના દર્શનની અભીપ્સા સેવી રહ્યો છે.

આ બધા ગુણોને ધારણ કરવાં એ છે અતિમાનવ બનવા બરાબર કારણ કે એને માટે વ્યક્તિએ મનથી ઉપર ઊઠી અતિમનસમાં પહોંચવું પડે છે. એને દિવ્ય મન કહો કે જ્ઞાન કહો કે અતિમનસ કહો. એ છે દિવ્ય સંકલ્પ અને દિવ્ય ચેતનાની શક્તિ અને પ્રકાશ. અતિમનસ દ્વારા જ આત્માએ પોતાને જાણ્યો અને પોતે અસ્તિત્વમાં આવ્યો, તેના દ્વારા જ એ ટકી રહ્યો છે અને જગતને દોરી રહ્યો છે. અને એ રીતે એ પોતે સમ્રાટ છે - સ્વરાટ છે. પોતાની જાતનો માલિક અને સર્વનો માલિક.

અતિમનસ એ જ અતિમાનવતા. માટે જ મનથી પર થઈ જવું એ આવશ્યક શરત છે.

અતિમાનવ થવું એટલે દિવ્ય જીવન જીવવું. દેવ બની રહેવું. કારણ કે દેવતાઓ એ ઈશ્વરની શક્તિઓ છે. માનવતામાં ઈશ્વરની શક્તિ રૂપ બની રહો.

દિવ્ય સ્વરૂપમાં રહેવું અને ઈશ્વરની ચેતના, મુદા, સંકલ્પ અને જ્ઞાન તમારા સ્વરૂપને ધારણ કરે અને એ તમારી સાથે તેમજ તમારા દ્વારા લીલા કરે, આ છે જીવનનો હેતુ. પોતે જ ઈશ્વર છે એ અનુભુતિ દ્વારા દરેક વસ્તુમાં પોતાના દ્વારા ઈશ્વરનું પ્રાગટ્ય, એ છે માનવ આકૃતિનું દિવ્ય પ્રતિકૃતિમાં રૂપાંતર. એના સ્વરૂપમાં જીવન ધારણ કરો, એના પ્રકાશથી પ્રકાશમાન થાઓ, તેની શક્તિ દ્વારા કાર્ય કરો, તેની મુદા વડે મુદિત થાઓ. દિવ્ય જ્યોતિ, સૂર્ય અને સાગર રૂપ બની રહો. એ પરમ આનંદ, મહત્તા અને સૌંદર્યરૂપ બની રહો.

આમાંનું થોડુંક પણ તમે આચરણમાં મૂકશો ત્યારે તમે અતિમાનવતા તરફ પ્રથમ ડગ ભર્યું એમ કહેવાશે.

**શ્રી અરવિન્દ**

(Essays Divine and Human, PP 158-160)



# Religion અને યોગ વચ્ચેનો તફાવત

**મધુર માતાજી, યોગ અને ધર્મ વચ્ચે શો તફાવત છે ?**

આહ ! મારા બાળક, એ તો કૂતરા અને બિલાડી વચ્ચેનો તફાવત પૂછવા જેવી વાત છે !

(લાંબા સમય સુધી મૌન)

એવા કોઈ માણસની કલ્પના કરો કે જેણે એક યા બીજી રીતે ભગવાન વિશે કાંઈક સાંભળ્યું છે, અથવા જેને ભગવાન જેવી કોઈક વસ્તુના અસ્તિત્વ વિશે અંગત લાગણી છે, અને જે, ભગવાન જેવા છે તેવા તેમને શોધી કાઢવા માટે, તેમની સાથે પરિચય પ્રાપ્ત કરવા માટે, તેમની સાથે જોડાઈ જવા માટે, સંકલ્પના, સંયમના, અભ્યાસના, એકાગ્રતાના-સર્વ પ્રકારના પ્રયત્નો કરે છે. તો તે માણસ યોગ કરે છે.

જો તે માણસ પોતે ઉપયોગમાં લીધેલી સર્વ પ્રક્રિયાઓ નોંધી લે અને એ નિશ્ચિત પદ્ધતિ બનાવે, પોતે શોધી કાઢેલા નિયમોને સર્વસત્તાધીશ બનાવી દે. દા.ત. તે કહે કે ભગવાન આ પ્રકારના છે, તેમને પ્રાપ્ત કરવા માટે તમારે આમ કરવું જોઈએ, આવો અભિનય કરવો જોઈએ, આવું વલણ અપનાવવું જોઈએ, આ વિધિ કરવો જોઈએ, તમારે આને જ સત્ય તરીકે કબૂલવું જોઈએ, તમારે કહેવું જોઈએ કે ''આ જ સત્ય છે અને તેને હું પૂરેપૂરી રીતે ચીટકી રહીશ; મારી આ પદ્ધતિ જ સાચી છે, આ એક જ પદ્ધતિ છે.'' જો આ બધાને લખી લેવામાં આવે, સંગઠિત કરવામાં આવે, નિશ્ચિત નિયમોમાં ગોઠવવામાં આવે, નિશ્ચિત વિધિઓમાં ગોઠવવામાં આવે, તો તે ધર્મ (Religion) બની જાય છે.

❀

**મધુર માતાજી, અત્યારે જગતમાં ઘણા-ખરા લોકો ધર્મનું અનુસરણ કરતાં હોય છે. તેમને મદદ મળી રહે છે ?**

બહુ નહિ.

કદાચ હમણાં-હમણાં લોકો ફરી ધર્મને સ્વીકારતા બન્યા છે. પણ આ સદીની શરૂઆતમાં, ઘણા લાંબા સમય સુધી, તે લોકો ધર્મને જ્ઞાનનો વિરોધી

ગણીને તેનો ત્યાગ કરતા હતા; કમથી કમ બુદ્ધિશાળી લોકો તો તેમ જ કરતા હતા. માત્ર તાજેતરમાં જ લોકો કેવળ વાસ્તવિક્તા-વાદથી કાંઈક બીજી વસ્તુ પ્રત્યે પાછા વળવાની શરૂઆત કરવા લાગ્યા છે.

માણસો સામાજિક ટેવ વડે ધર્મને અનુસરતા હોય છે, જેથી સમાજના બીજા લોકો તેમને ઘૃણાની દૃષ્ટિથી ન જુએ. દા.ત. ગામડામાં ધાર્મિક વિધિઓમાં હાજરી ન આપવી તે કઠિન છે, કારણ કે બધા પડોશીઓ તમારી સામે આંગળી ચીંધી તમને નાસ્તિક કહેશે. પણ તેને આધ્યાત્મિક જીવન સાથે કોઈ સંબંધ નથી.

(મૌન)

પહેલી વાર જ્યારે હું ભારતમાં આવી, ત્યારે એક જાપાનની નૌકામાં આવી હતી. તે નૌકામાં બે પાદરીઓ હતા. તેઓ ભિન્ન-ભિન્ન સંપ્રદાયના, પ્રોટેસ્ટન્ટ પાદરીઓ હતા. તેઓ કયા સંપ્રદાયના હતા તે મને બરાબર યાદ નથી, પણ તે બંને અંગ્રેજો હતા. હું ધારું છું કે એક એંગ્લીકન હતો, અને બીજો પ્રેસ્બીટેરિયન હતો.

રવિવાર આવ્યો. નૌકામાં ધાર્મિક વિધિ થવાની હતી; નહિ તો અમે બધા નાસ્તિકો ગણાઈએ-જાપાનિઝ લોકોની પેઠે ! પણ સવાલ એ હતો કે તે વિધિ કોણ કરે ? એંગ્લીકન કે પ્રેસ્બીટેરિયન ? તે પ્રશ્ન પર તેઓ લડી પડવાની અણી પર આવી ગયા હતા. આખરે એક જણ ગૌરવ-પૂર્વક તેમાંથી પાછો ખસી ગયો- તે કોણ હતો તે મને બરાબર યાદ નથી, પણ ઘણે ભાગે તે એંગ્લીકન હતો. પ્રેસ્બીટેરિયને એ વિધિ કરી.

એ વિધિ વહાણના નીચેના ખુલ્લા ભાગમાં કરવામાં આવ્યો હતો. અમારે તે જગ્યાએ જવા માટે કેટલાંક પગથિયાં ઊતરીને જવાનું હતું. તે દિવસે બધા લોકોએ પોતાનાં જાકીટ પહેર્યાં હતાં. અમે રાતા સમુદ્રમાં હતાં, ગરમી હતી. તેમણે જાકીટ પહેર્યાં, કડક કૉલરો પહેર્યા, ચામડાના બૂટ પહેર્યા, નેકટાઈ પહેરી, માથા પર હેટ મૂકી. બગલમાં પુસ્તક લઈને તે ચાલ્યા. તૂતકમાંથી તે નીચેની જગ્યા સુધી તેઓ લગભગ વરઘોડા-રૂપ પંક્તિબદ્ધ થઈને ચાલ્યા. સન્નારીઓએ પોતાની હૅટ પહેરી હતી. કેટલીક્ના હાથમાં છત્રીઓ પણ હતી. તેમની બગલમાં પણ પુસ્તક હતું, પ્રાર્થના-પુસ્તક.

બધાં નીચેની જગ્યાએ ટોળે મળ્યાં. પ્રેસ્બીટેરિયને પ્રવચન કર્યું. દરેક જણે ધર્મભાવના-પૂર્વક તે સાંભળ્યું. જ્યારે તે વિધિ પતી ગયો, ત્યારે બધાં ઉપર પાછાં આવ્યાં. દરેક જણના મુખ પર પોતાની ફરજ બજાવ્યાનો સંતોષ દેખાતો હતો. પાંચ મિનિટ પછી તેઓ બારમાં જઈ દારૂ પીવા લાગ્યાં, પત્તાં રમવા



લાગ્યાં. ધાર્મિક વિધિને બધા ભૂલી ગયાં હતાં. તેમણે પોતાની ફરજ પતાવી દીધી હતી; પછી તેને વિશે કાંઈ કહેવાનું બાકી રહ્યું ન હતું.

મારી પાસે આવીને થોડીઘણી નમ્રતા-પૂર્વક પાદરીએ પૂછ્યું કે તમે વિધિમાં કેમ હાજર ન રહ્યાં ? મેં તેને જવાબ આપ્યો, હું દિલગીર છું, પણ હું ધર્મમાં માનતી નથી.

''ઓહ, ઓહ, તમે ભૌતિક-વાદી છો ?''

''ના, ના, જરા પણ નહિ.''

''ઓહ, તો પછી તમે વિધિમાં કેમ હાજર ન રહ્યાં ?''

મેં કહ્યું : ''જો હું તમને સાચી વાત જણાવું, તો તમે નાખુશ બનો; કદાચ હું કાંઈ જ ન કહું તે વધારે સારું છે.''

પણ તેણે ખૂબ આગ્રહ કર્યો એટલે છેવટે મેં કહ્યું : ''જરા વિચારો, તમે સાચા દિલના હો એમ મને લાગતું નથી-તમે પણ નહિ અને તમારા અનુયાયીઓ પણ નહિ. તમે બધાં ત્યાં સામાજિક ફરજ બજાવવા માટે, સામાજિક રૂઢિ પતવવા માટે ગયાં હતાં. પણ ભગવાન સાથે સંબંધ સ્થાપવા ખરેખર ગયાં ન હતાં.''

''ભગવાન સાથે સંબંધ સ્થાપવા ? પણ આપણે તેમ કરી શકીએ તેમ નથી ! આપણે તો માત્ર કેટલાક સારા શબ્દોનું કથન કરી શકીએ, પણ ભગવાન સાથે સંબંધ સ્થાપવાની શક્તિ આપણામાં નથી.''

''તેથી જ હું તમારાં બધાંની સાથે જોડાઈ ન હતી; મને તેમાં રસ નથી.''

ત્યાર પછી તેણે મને ઘણા સવાલો પૂછ્યા. તેણે કબૂલ કર્યું કે 'હું નાસ્તિકોને ખ્રિસ્તી બનાવવા માટે ચીનમાં જાઉં છું.' તે સાંભળીને હું ગંભીર બની ગઈ. મેં તેને કહ્યું, ''સાંભળો. તમારો ધર્મ જન્મ્યો ત્યાર પહેલાં પણ, બે હજાર વર્ષ પહેલાં પણ, ચીની લોકો પાસે એક ઉચ્ચ પ્રકારનું તત્ત્વચિંતન હતું, તેઓ ભગવાન પ્રત્યે લઈ જનાર માર્ગને જાણતા હતા. તેઓ પશ્ચિમના લોકોને જંગલી માને છે. એટલે શું તમે તમારા કરતાં વધારે જાણનાર લોકોને ખ્રિસ્તી બનાવવા માટે ચીનમાં જાઓ છો ? ત્યાં જઈને તમે તેમને શું શીખવાડવાના હતા ! દિલની સચ્ચાઈ ન રાખવાનું, ગહન તત્ત્વચિન્તનને અનુસરવાને બદલે અને આધ્યાત્મિક ચેતના પ્રત્યે લઈ જનાર વૈરાગ્યમય જીવનને બદલે, પોકળ વિધિઓ કરવાનું શીખવાડશો ? મને નથી લાગતું કે તમે ત્યાં બહુ સારું કામ કરવા જઈ રહ્યા છો.''

તે બિચારો પાદરી ગુંગળાઈ ગયો. તેણે મને કહ્યું કે ''આહ, મને દહેશત લાગે છે કે તમારા શબ્દોથી મને ખાતરી થતી નથી.''

મેં જવાબ આપ્યો, ''ઓહ ! હું તમને ખાતરી કરાવી આપવાનો પ્રયત્ન

નથી કરતી. મેં માત્ર પરિસ્થિતિનું તમારી આગળ વર્ણન કર્યું છે. મેં માત્ર એટલું જ કહ્યું છે કે જંગલી લોકો સંસ્કૃતિવાળા લોકોને શીખવાડવા માટે તેમના દેશમાં જવાની ઇચ્છા શા માટે રાખતા હશે ? તે લોકો તો તમે જે શીખવાડવા જાઓ છો તે વસ્તુને ઘણા લાંબા સમયથી જાણે છે. બસ, એટલું જ.''

ત્યાં મારો તેની સાથેનો પ્રસંગ પતી ગયો.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૮ પૃ-૧૩૬ અને પૃ-૧૩૭થી ૧૩૯)

❀

**ધાર્મિક જીવન એ છે અજ્ઞાની એવી માનવચેતનાની ગતિ, જે પૃથ્વીના જીવનથી વિમુખ થઈ જઈ પ્રભુ પ્રતિ અભિમુખ થવા પ્રયત્ન કરે છે. પરંતુ એ માટેનું જ્ઞાન એને હજુ પ્રાપ્ત થયું નહિ હોવાથી એ અમુક સંપ્રદાય કે પંથના રૂઢ સિદ્ધાંતો દ્વારા દોરવાય છે, જે સિદ્ધાંતો દાવો કરવામાં આવે છે તે મુજબ માનવને પૃથ્વીની ચેતનાના બંધનોમાંથી મુક્ત કરી દઈ પરાત્પરના પરમાનંદમાં લઈ જઈ શકે છે. ધાર્મિક જીવન આધ્યાત્મિક જીવન માટેના પ્રાથમિક પ્રયાસ રૂપ હોઈ શકે, પરંતુ મોટેભાગે તો એ વિધિ-વિધાનો, પ્રક્રિયાઓ, રૂઢ થયેલા વિચારો અને રચનાઓમાં વિના કારણ ગોળ ગોળ ફરવા સમાન બની રહે છે.**

**શ્રી અરવિન્દ**

❀ આ લેખમાં જ્યાં જ્યાં ધર્મ શબ્દ છે તેને Religion ના અર્થમાં લેવાનો છે.

# નીતિમત્તા અને આધ્યાત્મિકતા વચ્ચેનો તફાવત

આધ્યાત્મિકતા અને નીતિ વચ્ચે મહાન ભેદ છે. એ બેને ઘણી વખત એકબીજા જોડે સેળભેળ કરી નાખવામાં આવે છે. આધ્યાત્મિક જીવનનો, એટલે કે યૌગિક જીવનનો હેતુ દિવ્ય ચેતનામાં વિકાસ સાધવાનો છે, અને તેને પરિણામે તમારામાં જે કાંઈ હોય તે વિશુદ્ધ થાય છે, વધારે બળવાન, તેજસ્વી અને પરિપૂર્ણ બને છે. આધ્યાત્મિક જીવન તમને પ્રભુનો આવિર્ભાવ કરવા માટેની શક્તિ આપે છે. પ્રત્યેક વ્યક્તિના ચારિત્રને તે ઉન્નત કરીને તેની શક્તિઓનો પૂરેપૂરો વિકાસ કરે છે, તેના દ્વારા થવાના આવિર્ભાવને તેની અંતિમ કોટિએ લઈ જાય છે. કારણ કે પ્રભુની દિવ્ય યોજનાનો જ એ એક ભાગ છે.

નીતિ પોતાનું કાર્ય માનસિક વિચારોથી આરંભે છે. સારું શું અને નઠારું શું એ વિશે થોડા વિચારો નક્કી કરી, સર્વે માણસોને એક જ આદર્શના બીબામાં ફરજિયાત ઢાળવાનો તે પ્રયત્ન કરે છે. આ નીતિનો આદર્શ, તેનાં તત્ત્વો તથા તેનું સમગ્ર સ્વરૂપ જુદાં જુદાં સ્થળકાળમાં બદલાતાં રહે છે. નીતિ જીવનના આ વૈવિધ્ય અને આત્માની સ્વાધીનતા, એ બંનેથી વિરુદ્ધ એવું એક કૃત્રિમ ધોરણ ઊભું કરે છે. એક માનસિક પ્રકારનું મર્યાદિત અને જડ ધોરણ ઉત્પન્ન કરીને તે સઘળા માણસો પાસે તેનો સ્વીકાર કરવાની માગણી કરે છે. નીતિના આદર્શ પ્રમાણે તો સર્વ માનવોએ એક જ પ્રકારના ગુણો, એક જ જાતની આદર્શ પ્રકૃતિ પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરવો જોઈએ. નીતિ દૈવી નથી યા તો પ્રભુ તરફથી આવતી નથી. તે માનવકૃત અને માનવી છે. નીતિ પોતાના આધાર તરીકે વસ્તુઓમાં 'સારું' અને 'ખરાબ' એવો અવિચલ ભેદ સ્વીકારી લે છે, પરંતુ એ ભેદ સ્વચ્છંદી છે. નીતિ સાપેક્ષ વસ્તુઓને લઈને તેમને નિરપેક્ષ તરીકે ગણાવવાનો આગ્રહ કરે છે, પરંતુ એણે માની લીધેલું સારું અને નઠારું જુદા જુદા દેશકાળમાં જુદું જુદું હોય છે.

નીતિના ખ્યાલ પ્રમાણે તો સારી ઇચ્છાઓ અને ખરાબ ઇચ્છાઓ પણ હોય છે, અને સારીનો સ્વીકાર અને ખરાબનો ઇન્કાર કરવાને તે તમને આજ્ઞા કરે છે. પરંતુ આધ્યાત્મિક જીવન તો ઇચ્છાઓનો સદંતર ઇન્કાર કરવાની તમારી પાસે માગણી કરે છે. એનો નિયમ એ હોય છે કે પ્રભુથી તમને દૂર ખેંચી જનારી સર્વે ક્રિયાઓ અને ગતિઓનો તમારે સદંતર ત્યાગ કરવાનો છે.



પછી આંતર ઉત્ક્રાંતિમાં એવો એક સમય આવે છે, જ્યારે આને સિદ્ધ કરવું એ ખૂબ જરૂરી હોય છે. પોતાના આવેગો વડે અને અજ્ઞાનમય બાહ્ય પ્રતિકાર્યો વડે ધક્કેલાવા કરતાં તે અનંતગણું ઉચ્ચતર છે. તે પોતાની પ્રકૃતિના સ્વામી બનવાના માર્ગ પર આવી ગયાની નિશાની છે. તે સ્થિતિમાંથી માણસે પસાર થવું જ પડતું હોય છે, કારણ કે તે સ્થિતિમાં માણસ પોતાની અહંતા પર પ્રભુત્વ સ્થાપવાનો પ્રારંભ કરી દેતો હોય છે, અહંતાને ફગાવી દેવાની શરૂઆત કરી દેતો હોય છે; હજુ અહંતા રહી હોય છે ખરી, પણ તે બહુ જ નબળી બની ગઈ હોય છે. બીજી બાજુને પ્રાપ્ત કરવામાં, આ છેલ્લી સ્થિતિ છે. એ સ્થિતિ જો પ્રાપ્ત ન કરી હોય, તો માણસ મોટી ભૂલ કરી બેસે, પરિપૂર્ણ નબળાઈને પરિપૂર્ણ સ્વતંત્રતા માનવાની ભૂલ કરી બેસે.

અમુક સમય સુધી પછી ભલે તે ટૂંકો ગાળો હોય, આ નૈતિક પરિપૂર્ણતાના આદર્શને સિધ્ધ કરવામાંથી માણસ જો પસાર ન થાય, તો ખૂબ પરિપૂર્ણ અને નોંધપાત્ર માનસિક સત્માંથી સાચા આધ્યાત્મિક જીવનમાં પ્રવેશવું તે લગભગ અશક્ય છે. ઘણા લોકો ટૂંકો માર્ગ લેવા માગતા હોય છે, તેમના બાહ્ય સ્વભાવની સર્વ નબળાઈઓ પર વિજય પ્રાપ્ત કર્યા પહેલાં પોતાની આંતર સ્વતંત્રતાને મોકળો માર્ગ આપવા માગતા હોય છે, તેઓ પોતાની જાતને છેતરવાનું મહાન જોખમ વહોરી રહ્યા હોય છે. સાચું આધ્યાત્મિક જીવન, પરિપૂર્ણ સ્વતંત્રતાએ ઉચ્ચતમ નૈતિક પરિપૂર્ણતા કરતાં ખૂબ ઉચ્ચતર વસ્તુ છે; પણ માણસે ખૂબ સાવધાનતા રાખવી જોઈએ કે એ કહેવાતી સ્વતંત્રતા એ વિષય ભોગ નથી, સર્વ નિયમોની અવગણના નથી.

માણસે હંમેશા ઊંચે, વધારે ઊંચે જવાનું છે, ઉચ્ચતર માનવતાએ જે સિદ્ધ કર્યું છે તેનાથી જરા પણ ઓછું નહિ.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૩ પૃષ્ઠ ૧૩૦ થી ૧૩૨ અને
શ્રી માતૃવાણી ગ્રંથ ૯ પૃષ્ઠ ૩૭૫-૭૬)

# આધ્યાત્મિકતા એટલે શું ?

**આધ્યાત્મિકતા એટલે.....**

મન તથા જીવનથી મહત્તર એવી કોઈક વસ્તુનો સ્વીકાર. સ્વાભાવિક એવી આપણી મનોમય તેમજ પ્રાણમય પ્રકૃતિથી પર હોય એવી શુદ્ધ, મહત્તર અને દિવ્ય ચેતના પરત્વેની અભીપ્સા.

આપણા નિમ્ન ભાગોની ક્ષુદ્રતામાંથી તેમજ એના બંધનોમાંથી આત્માનું ઉછળીને બહાર નીકળી આવવું અને પોતાના અંતરમાં નિગૂઢ મહત્તર સત્તા પ્રતિ વળવું.

◈ ◈ ◈

અહમ્‌થી અલગ એવી બીજી ચેતના વિશે તમે સભાન બનો તેમ જ એ ચેતનાની અંદર જીવન ધારણ કરો અથવા તો એ ચેતનાની અસર હેઠળ વધુ ને વધુ રહો એ છે આધ્યાત્મિકતા. એ ચેતના, જે વિશાળ છે, અનંત છે, સ્વવિદ્યમાન છે, અને અહંકારથી મુક્ત છે, એને આત્મા (બ્રહ્મન, ઈશ્વર) વગેરે નામોથી ઓળખવામાં આવે છે.

◈ ◈ ◈

દિવ્ય પૂર્ણતા ત્યાં આપણાથી પર, હંમેશને માટે આવી રહેલી છે અને માનવ પોતે પોતાની ચેતનામાં દિવ્ય બને, આંતર તેમજ બાહ્ય રીતે દિવ્ય જીવન જીવે તથા કાર્ય કરે એ જ છે સાચી આધ્યાત્મિકતા, આધ્યાત્મિકતા શબ્દની આનાથી ઓછી કે ઊતરતી કક્ષાની જે કંઈ વ્યાખ્યાઓ આપવામાં આવે છે એ છે અપર્યાપ્ત ફાંફા. એ પાખંડ છે.

**શ્રી અરવિન્દ**

(SABCL Vol-14, P-65, Vol. 23, P-877, Vol-15, P-247)



# યોગ એટલે શું ?

હું અનંત શક્તિ, અનંત જ્ઞાન અને અનંત મુદાની અભીપ્સા સેવું છું. શું હું એ પ્રાપ્ત કરી શકું ? હા, પરંતુ અનંતતાની પ્રકૃતિ એવી છે કે એનો અંત જ નથી હોતો. એટલે તેં એને પ્રાપ્ત કર્યું છે એમ કહીશ નહિ. 'હું એ બની રહ્યો છું' એમ જણાવ. અને માત્ર આ જ રીતે માણસ ભગવાનને પ્રાપ્ત કરી શકે; ભગવાન બની જઈને. પરંતુ ભગવાનને પ્રાપ્ત કરતાં પહેલાં માનવ પ્રભુ સાથે સંબંધ બાંધી શકે છે. પ્રભુ સાથે સંબંધ બાંધવો, એ છે યોગ, પરમ ધ્યેય અને ભવ્ય ચરિતાર્થતા. માનવતાની સીમામાં આપણે વિકસાવેલા અમુક પ્રકારના સંબંધો છે. એ છે, પ્રાર્થના, પૂજા, આરાધના, યજ્ઞ, યાગ, શ્રદ્ધા, સંનિષ્ઠા, તત્ત્વજ્ઞાન. આપણી વિકસીત ક્ષમતાઓથી પર પરંતુ માનવતાની બીજી સીમામાં અમુક પ્રકારના સંબંધો પણ છે, જે આપણે હજુ વિકસાવવાના છે. એ સંબંધોને આપણે જેને સામાન્યતઃ યોગ શબ્દથી ઓળખીએ છીએ એવી વિવિધ આચરણની પદ્ધતિઓ દ્વારા વિકસાવી શકીએ.

◈ ◈ ◈

માનવની વ્યક્તિગત ચેતનાનો ઈશ્વર સાથે સંપર્ક, એ છે યોગનું સારસત્ત્વ. યોગ એટલે આ વિશ્વલીલામાં જે પોતાના સત્ સ્વરૂપથી, પોતાના મૂળથી અને પોતાની વૈશ્વિકતાથી અલગ થઈ ગયું છે તેનું એ સત્ સ્વરૂપ સાથે, પોતાના મૂળ સાથે, તેમજ પોતાની વૈશ્વિકતા સાથેનું એકત્વ.

◈ ◈ ◈

યોગ એટલે ઈશ્વર સાથે એકત્વ - એકત્વ કાં પરાત્પર (વિશ્વથી પર) અથવા વૈશ્વિક (વિશ્વની અંદર) કાં વ્યક્તિગત, અથવા તો પછી આપણા યોગમાં જે રીતે છે તેમ આ ત્રણે પ્રકારનું એકત્વ-એક સાથે. બીજી રીતે કહીએ તો યોગ એટલે એક એવી ચેતનામાં પ્રવેશ કરવો, જ્યાં વ્યક્તિ ક્ષુદ્ર અહંકાર તથા વ્યક્તિગત મન, પ્રાણ અને શરીરની મર્યાદાઓથી સીમિત ન બની રહેતાં પોતે પરમ સત્ સાથે, વૈશ્વિક ચેતના સાથે અથવા તો અંતરમાં એક ગભીર ચેતના સાથે એકત્વની અનુભૂતિ કરે છે અને એ ચેતનાવસ્થામાં વ્યક્તિ પોતે પોતાના આત્મા વિશે, પોતાના આંતર સ્વરૂપ વિશે, પોતાના અસ્તિત્વના સત્ય વિશે સભાન હોય છે.

**શ્રી અરવિન્દ**

(SABCL Vol-17, P-2, Vol. 20, P-27, Vol-24, PP-1149-50)

# ખોરાક પરત્વેનું વલણ

ખોરાક પ્રત્યેની આસક્તિ, તેના માટે લાલસા અને ઝંખના તથા તેને જીવનમાં ખોટી અગત્ય આપવી એ યોગની ભાવનાથી ઊલટી વસ્તુ છે. કોઈ વસ્તુ જીભને સ્વાદિષ્ટ લાગે તે વિશે સભાન બનવું એ ખોટું નથી, ફક્ત માણસને તેને માટે ઝંખના, લાલસા ન હોવી જોઈએ. તેને પ્રાપ્ત કરીને એકદમ આનંદમાં ન આવી જવું જોઈએ અને ન મળે તો નાખુશ ન થવું જોઈએ અથવા પશ્ચાત્તાપ ન કરવો જોઈએ. ખોરાક સ્વાદિષ્ટ ન હોય અથવા પુષ્કળ પ્રમાણમાં ન મળે તો પણ માણસે સ્થિર અને સમતાયુક્ત રહેવું જોઈએ અને અસંતોષી કે વિક્ષુબ્ધ ન બનવું જોઈએ – જેટલી જરૂર હોય તેટલા પ્રમાણમાં ખોરાક લેવો, ઓછો પણ નહિ કે વધારે પણ નહિ, એમાં તીવ્રતા અથવા તિરસ્કાર ન હોવાં જોઈએ.

ખોરાક વિશે જ વિચાર કર્યા કરવા અને મનને મુશ્કેલી આપવી એ ખોરાક માટેની ઇચ્છાથી મુક્ત થવાનો ખોટો માર્ગ છે. ખોરાકના તત્ત્વને જીવનની સાચી જગાએ મૂકો, એક નાના ખૂણામાં, અને તેના ઉપર એકાગ્ર ન થાઓ પરંતુ બીજી વસ્તુઓ ઉપર એકાગ્રતા કરો.

જો તમારે યોગ કરવો હોય તો તમારે નાની કે મોટી બાબતોમાં વધારે અને વધારે યૌગિક વલણ ધારણ કરવું જોઈએ. આપણા માર્ગમાં તે વલણ બળપૂર્વક દબાણથી કરવાનું નથી પરંતુ તટસ્થતા અને સમતાથી કરવાનું છે અને કામનાઓના પદાર્થોમાં તેવું વલણ ધારણ કરવાનું છે. બળજબરીથી દબાવી દેવું એ મુક્ત લાલનપાલન કરવા જેવી ભૂમિકા ઉપર એક સરખું જ છે. બન્ને પ્રસંગોમાં ઇચ્છા તો રહે છે જ; એકમાં તેને અતિશય છૂટ આપીને પુષ્ટ કરવામાં આવે છે અને બીજામાં તે સુષુપ્ત અને થાકેલી રહે છે. કારણ કે તે ઇચ્છાને દબાવી દીધેલી છે. જ્યારે વ્યક્તિ તેનાથી અલગ પડી જાય, નિમ્ન પ્રાણથી પોતાને જાતને છૂટી પાડી દે, પોતાની ઇચ્છાઓ અને કામનાના ઘોંઘાટોનો ઇનકાર કરીને તે વસ્તુઓ પોતાની નથી એવી રીતે ગણે, અને તેમને વિશે પોતાની ચેતનામાં એક સંપૂર્ણ સમતા અને સ્થિરતા પ્રાપ્ત કરે તેથી કરીને નિમ્ન પ્રાણ પોતે જ ક્રમિક રીતે વિશુદ્ધ થતો જાય છે અને સ્થિર અને સમતાયુક્ત બને છે. કામનાનું દરેક આંદોલન જ્યારે આવે ત્યારે તેનું નિરીક્ષણ કરવું જોઈએ. તે વસ્તુ એટલી સ્થિરતાથી અને



એટલી બધી અનાસક્ત રીતે જોવી, જેવી રીતે તમે કોઈ બહારથી ચાલતી કોઈ વસ્તુને જોતા હો. તેને પસાર થઈ જવા દો, તમારી ચેતનામાંથી તથા સાચી ક્રિયાથી તેનો ઇનકાર કરો અને તેની જગાએ ધીરજપૂર્વક સાચી ચેતનાને મૂકો.

◈ ◈ ◈

શરીરની ઉપેક્ષા કરીને તેને ક્ષીણ કરી નાખવું એ ભૂલ છે; શરીર સાધના માટેનું કરણ છે અને તેને સારી સ્થિતિમાં ટકાવી રાખવાનું છે. તેના ઉપર આસક્તિ ન હોવી જોઈએ પરંતુ તેના માટે ઉપેક્ષા કે ધિક્કાર પણ ન હોવાં જોઈએ–તે આપણી પ્રકૃતિનો સ્થૂલ ભાગ છે.

◈ ◈ ◈

એવું બની શકે કે ભિન્ન ભિન્ન પ્રકારના ખોરાકો ભિન્ન ભિન્ન પ્રકારના ગુણોને પુષ્ટ કરે, અને પરોક્ષ રીતે મદદરૂપ અથવા વિઘ્નરૂપ હોય, અને શારીરિક કાર્ય કરતાં તેમને જુદી રીતે જોવાના હોય. પરંતુ તે વસ્તુ એટલે સુધી સાચી હોય જેટલા પ્રમાણમાં માણસ શ્રદ્ધાપૂર્વક આગળ પ્રગતિ કરતો હોય. કઈ વિશિષ્ટ ખોરાકની વાનગીઓ સાત્ત્વિક છે અથવા નથી એ જુદો પ્રશ્ન છે અને તેના વિશે નિર્ણય બાંધવો મુશ્કેલ છે. આધ્યાત્મિક રીતે હું કહી શકું કે ખોરાકની અસરનો આધાર ગુહ્ય વાતાવરણ અને અસર પ્રમાણે હોય છે અને ખોરાકની સાથે કઈ અસર આવે છે તેના ઉપર છે, નહિ કે ખોરાક પોતે કઈ વસ્તુ છે. શાકાહારી અન્ન એ જુદો જ પ્રશ્ન છે; તેનો આધાર તમે કહો છો તે પ્રમાણે જીવનનાં વધારે સચેતન સ્વરૂપોને પોતાના પેટના સંતોષ માટે નુકસાન ન કરવા માટેનો સંકલ્પ હોઈ શકે.

બધા જ પ્રકારના ખોરાકને એક સમાન રસથી લેવાની તાલીમ અંગેના પ્રશ્ન વિશે કહેવાનું કે તેના માટે તાલીમ લેવાની જરૂર નથી અથવા તાલીમથી તે પ્રાપ્ત પણ થતું નથી. વ્યક્તિએ પોતાની અંદર, પોતાની ચેતનામાં સમતા પ્રાપ્ત કરવાની છે, અને જેમ જેમ સમતાનો વિકાસ થતો જશે તેમ તેમ વ્યક્તિ તેનો વિસ્તાર કરી શકે છે અથવા ચેતનાની સક્રિયતાના ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં તેને અસરકારક બનાવી શકશે.

**શ્રી અરવિન્દ**

(યોગ વિશે પત્રો ભાગ-૩ પૃ ૩૯૩, ૩૯૪, ૩૯૭ અને ૪૦૩)

# ભારત વિશેનું શ્રી અરવિન્દનું દર્શન

શ્રી અરવિન્દ રાજકારણમાંથી નિવૃત્ત થયા; અને તેમના આશ્રમમાં એક અગત્યનો નિયમ છે કે વ્યક્તિએ બધા રાજકારણમાંથી દૂર રહેવાનું છે–એટલા માટે નહિ કે જગતમાં બનતા બનાવો સાથે શ્રી અરવિન્દે સંબંધ રાખ્યો નથી, પરંતુ રાજકારણ જે રીતે ખેલાય છે તે એક નિમ્ન અને બેહૂદી વસ્તુ છે અને તેના ઉપર જૂઠાણું, છેતરપિંડી, અન્યાય, શક્તિનો દુરુપયોગ અને હિંસાનો કાબૂ છે; કારણ કે રાજકરણમાં સફળ થવા માટે વ્યકિતએ તેની પોતાની અંદર દંભ, દ્વિવિધ વ્યક્તિત્વ અને અપ્રામાણિક મહત્ત્વાકાંક્ષા કેળવવી પડે છે.

યોગ માટેનો અનિવાર્ય પાયો સચ્ચાઈ, પ્રામાણિકતા, નિઃસ્વાર્થપણું, કાર્યમાં અનાસક્ત નિવેદન, ચારિત્ર્યની અમીરાત અને સરળતા છે. જેઓ આ પ્રાથમિક ગુણોને અમલમાં મૂકતા નથી તેઓ શ્રી અરવિન્દના શિષ્યો નથી, અને તેમને આશ્રમમાં સ્થાન નથી. એટલા માટે નિર્માલ્ય અને પાયા વગરના, વિકૃત અશુભ ભાવનાવાળા મનમાંથી ઉત્પન્ન થયેલા દોષારોપણોનો જવાબ આપવા માટે હું ઈન્કાર કરું છું.

શ્રી અરવિન્દ તેમની માતૃભૂમિને ઊંડાણપૂર્વક ચાહતા હતા અને તેઓ ઈચ્છતા હતા કે તે મહાન, ઉમદા, પવિત્ર અને જગતને મહાન સંદેશ આપવા યોગ્ય બને. તે અધમ, સ્વાર્થી અને રાગદ્વેષીની નિમ્ન અને હલકી ભૂમિકામાં ડૂબે તેની તેઓ ના પાડતા. એટલા માટે તેમની ઈચ્છાને પૂર્ણ કરવા માટે આપણે સત્ય, પ્રગતિ અને માનવજાતિના રૂપાંતરનું ધોરણ ઘણું ઊંચું લઈ જઈએ છીએ જેથી આત્મવાન લોકો તેને જોઈ શકે અને તેની આસપાસ એકઠા થઈ શકે.

**શ્રી માતાજી**

૨૫ એપ્રિલ ૧૯૫૪

(શ્રી માતૃવાણી ગ્રંથ-૧૩ પૃ. ૯૩-૯૪)

❀ ❀ ❀



# ઝળહળતા ઓજસની માતાનું સ્તોત્ર

ઘોર અંધારી ગુફાઓમાં જેમ પ્રકાશ ઊતરી આવે તેમ એક આંતરિક સભરતા ઊતરી આવી છે. જીવનના વિવિધ તારોને એ ઝંકૃત કરે છે, ભરે છે, પ્રકાશિત કરે છે; એણે ભૂતકાળની ભુલાઈ ગયેલી પ્રાપ્તિઓ સાથે સંપર્ક સાધી આપ્યો છે કે જેના વડે વર્તમાનની પલટાતી સંરચનાઓના આધાર પર હું ભવિષ્યની નવી સંપ્રાપ્તિઓની શરૂઆત કરી શકું. ઊર્ધ્વનાં સ્વર્ગોમાંથી અવતરતાં પ્રકાશનાં કિરણોને મળવા માટે જીવન ઝરણના ફુવારા ઊંચે ઊઠે છે કે જેથી નિમ્ન અને અંધકારયુક્તનું પરિવર્તન પ્રકાશ અને સત્યમાં થાય તથા કુરૂપ અને ખોટાનું પરિવર્તન સુંદર અને સાચામાં થાય.

હે ઝળહળતા ઓજસની માતા, મારા મનની સાંકડી ક્ષિતિજોમાં તું ઉદીત થઈ છે. તેની અતાગ જડતાઓમાંથી, તેના બંધિયાર અવકાશોની મધ્યે, તેં કાંઈક હૃદય જેવું સર્જ્યું છે કે જે તેનું શાશ્વત જીવન જીવશે. મનના બિનભૌતિક ધ્રુવપ્રદેશોની અંદર તેં મારે માટે એક જીવંત અને હુંફાળો નાનો ખંડ છતો કર્યો છે જ્યાં હું સલામતીપૂર્વક વિરામ મેળવી શકું અને તારામાં મારો આશ્રય પામી શકું.

સગતિક બળોની એક નિમ્ન જાળ રહી છે, પરંતુ તેની વચ્ચે હું તારી હાજરી અનુભવું છું. સગતિક બળોની એક ઊર્ધ્વ જાળ રહી છે અને અહીં પણ તેં પદાર્પણ કર્યું છે અને જીવનની એક અભૂતપૂર્વ ઉષ્મા ફેલાવી છે, તેં ઝાંખી ભૂખરી પ્રકાશિતતાને જીવંત જલના ચળકાટમાં ફેરવી નાખી છે. તારી સક્રિય અને જીવંત હાજરી સર્વત્ર છે; તારી સદૈવ હાજરી માટે મારી પ્રજ્વલિત માગણી, મારી અભીપ્સાના બોલ તેં ધ્યાનમાં લીધા છે. હું જે અજ્ઞાનતાપૂર્વક શોધતો હતો તેનાથી ઘણું વિશેષ તેં મારી સમક્ષ છતું કર્યું છે. જ્યારે હું સત્ અને ઋતમાં હોઉં છું ત્યારે તું એકદમ નજીક અને મારી સાથે એકાકાર અનુભવાય છે અને તેમ છતાં મારાથી દૂર સુદૂર, કે જ્યારે હું ક્ષતિ અને જૂઠમાં હોઉં છું.

જ્યારે મારી ફરતે કોઈપણ ઘેરા પડછાયાઓ નહીં હોય;

જ્યારે મારા અસ્તિત્વના દરેક ભાગમાં તું મને ઢોંગ અને પ્રદર્શનથી અનાવૃત્ત થયેલ જોશે.

જ્યારે મારા શરીરના દરેક કોશમાં તારે માટે શાશ્વત ઘર ને શાશ્વત મંદિર તું જોશે,

જ્યારે તું જોશે કે તારી સાથે હું અદ્વૈત અનુભવું છું અને છતાં તારું પૂજન કરું છું,

જ્યારે તું જ્ઞાનનું સઘન સુવર્ણ ભક્તિના જીવંત અને વેગવાન જળમાં ઓગાળશે,

જ્યારે તું મારી પાર્થિવતાને ભાંગી ઉર્જાઓને મુક્ત વહાવશે, જ્યારે તું પરિવર્તિત કરશે

મારા અભિમાનને તારા બાહુબળમાં,
મારા અજ્ઞાનને પ્રકાશમાં,
મારી સંકુચિતતાને વિશાળતામાં,
મારી સ્વાર્થવૃત્તિને શક્તિઓના એક સાચા કેન્દ્રગામીપણામાં,
મારી લોભવૃત્તિને સત્યની અને તેનાં તત્ત્વોની પ્રાપ્તિ માટેની
શોધની અથાક ક્ષમતામાં,
મારા અહંભાવને એક સાચા અને સભાન કરણરૂપ કેન્દ્રમાં,
મારા મનને તારા અવતરણ માટેની એક નહેરમાં,
મારા હૃદયને તારા વિશુદ્ધ પ્રજ્વલિત અગ્નિના યજ્ઞકુંડમાં,
મારા પ્રાણને તારા વપરાશ માટેના વિશુદ્ધ અને નિર્મળ તત્ત્વમાં,
મારા શરીરને – તારું જે કાંઈ મારે માટે છે તેને ધારણ
કરનાર એક સભાન પાત્રમાં;

ત્યારે, હે ઝળહળતા ઓજસની માતા, મારા જીવનનું વર્તમાન અને ભાવિ લક્ષ્ય, સાચી-ખરી અને વિશાળ રીતે સિદ્ધ થશે. મારામાં અભીપ્સા જાગૃત થાય છે ! હું જેને માટે પ્રજ્વલિત છું તે તમામ મારામાં સિદ્ધ કરો !

(૨)

મારામાં ચેતનાની એવી અવસ્થાનું સર્જન કર કે જેમાં તારી પાસેથી હું જે કાંઈ પણ સાંભળું તે તરત જ એક અંતરંગ જ્ઞાનમાં, આત્માનુભૂતિમાં, અદ્વૈતની અભિવ્યક્તિમાં, એક સાથે આંતરબાહ્યની સભાનતામાં ફેરવાઈ જાય. હે મા, તારી પાસેથી હું જે કાંઈ સંપન્ન કરું તે જે સદૈવ હાજર છે તેવી ઊંડી વિશાળતાનું બની રહો. પરમ આનંદ પ્રાપ્ત કરવા માટે હું તમામ રીતે તારી સાથે અદ્વૈત અનુભવું અને છતાં તારી તરફ ભક્તિપ્રવાહ વહાવી શકું એટલો ભિન્ન, એક અને છતાં અલગ; જીવન અને તેની ગતિવિધિની જેમ, ઉષ્મા અને પ્રકાશની જેમ, શક્તિ



અને તેની અભિવ્યક્તિની જેમ, સાચું જ્ઞાન અને તેની કાર્યસાધક શક્તિની જેમ. તું મને જે બક્ષે તે મારે માટે જાણે કે આત્મ-ખોજથી પ્રાપ્ત કરેલ મારી પોતાની વસ્તુ બની રહો-ખજાનો નહીં.

મારી ચેતનાના વિભાજનો ભૂંસી નાખ કે જેથી હું તને મારા પોતાના ભાગ તરીકે જોઉં અને સાંભળું. મારી પ્રાણશક્તિઓ અભીપ્સા સેવે છે, તાદાત્મ્યથી આવતા જ્ઞાન માટે, તાદાત્મ્યથી જન્મતા દર્શન માટે, તાદાત્મ્યમાં દિશાસૂચન મેળવતા શ્રવણ માટે,-તાદાત્મ્ય જે તું સ્વયં છે.

તારા અસીમિત અને આલોક્તિ અવકાશોમાં હું તારા એક અંશનો આવિષ્કાર બની રહું.

(૩)

મારી અભીપ્સાની અગ્નિશિખાઓને વધુ વિકસાવ; મારામાં 'સમર્પણ' તત્કાળ અને હરેક રીતે શક્ય બનાવ, મારાં ઉદ્‌ઘાટન અને ગ્રહણશીલતાને વિશાળ કર, ઊંડે અંતરમાં ચૈત્યપુરુષની પ્રક્રિયાને ધીમી પાડનાર આવરણોને દૂર કર; જે મારી પાસે છે, જે મારી પાસે નથી તે મારામાંથી લઈ લે, હે મા.

મારા શરીરના કોશો, મારી નસોના વેષ્ટનના તંતુઓ, મારા પ્રાણના પાંચ પ્રવાહો, મારા હૃદયની અગ્નિજ્વાલાઓ, મારી મનઃશક્તિઓ, આ તમામ તને હે ઝળહળતા ઓજસની માતા, બિનશરતે સમર્પિત થાય છે, કે જેથી જૂઠનું અસ્તિત્વ, ચેતનાનું વિભાજન, જીવન-પ્રવાહમાં મૃત્યુ, નસોના ગૂંચળામાં અસંવાદિતા અને વેદના, શરીરમાં વ્યાધિ રહે નહીં.

તારો અવાજ મને જવાબ આપે છે :

સમર્પણની પાંચ પ્રકારની શક્તિઓથી-શરીરમાં, તારી પાછળ જે કેન્દ્રસ્થ રહેલી છે તે ચૈતસિક ઉત્કંઠાની શાંત તીવ્રતાથી, તારા સહજ-આનંદ અને ચેતનાની છૂપી સમૃદ્ધિ, હર હંમેશ વિકસાવ. સો પ્રથમ મેં તારામાં જે સંકલ્પ સેવ્યો છે તે પ્રત્યે સભાન થા, ત્યાર બાદ, તને જેની સભાનતા પ્રાપ્ત થઈ છે તે બની રહે. જાણી લે તત્કાળ અને હંમેશ માટે કે, ''મારામાં તારું સર્વસ્વ છે.''

(શ્રી અરવિંદ આશ્રમના અંતેવાસી સાધક અમૃતા દ્વારા ૧૯૨૭માં લખાયેલ Hymn to the Mother of Radiancesનું આ ગુજરાતી ભાષાંતર છે. અમૃતાના લખાણનું પુનઃસંસ્કરણ શ્રી અરવિન્દે સ્વયં કર્યું હતું અને એને ત્રણ ભાગમાં ગોઠવ્યું હતું તથા તેની નકલ પોતાના હસ્તાક્ષરમાં પણ કરી હતી.)

( Auroma અંક : ૧૫. તા. ૧૯-૧૦-૯૮)

### પ્રકરણ ચોથું

# ગીતાના બોધનો મર્મ

**(ગતાંકથી ચાલુ)**

એ યજ્ઞનો ભોક્તા પરમ પુરુષોત્તમ પરમાત્મા જ હોય છે. પરંતુ સાધકને પોતાની અંદર તેનો સાક્ષાત્કાર હજી સુધી થયો નથી હોતો. આ પહેલું પગલું ગણાય. બીજામાં કર્મના ફળની ઇચ્છા માત્ર નહિ પરંતુ 'હું કર્તા છું' એવા કર્તાભાવનો ત્યાગ કરવાનો હોય છે કારણ કે આત્મા સર્વરૂપ છે, સર્વમાં સમાન ભાવે રહેલો છે, તે અકર્તા છે, અક્ષર છે અને જે સઘળાં કર્મો વિશ્વમાં થાય છે તે સર્વત્ર કાર્ય કરી રહેલી પ્રકૃતિનાં કાર્યો છે. એ પ્રકૃતિ અસમાન, વિકારી, ક્ષર છે. ત્રીજું પગલું, પ્રભુનું પુરુષોત્તમ તરીકે દર્શન કરવામાં તથા એ પુરુષોત્તમ સમગ્ર પ્રકૃતિનું શાસન કરે છે એવી અનુભૂતિ પ્રાપ્ત કરવામાં સમાયેલું છે. પ્રકૃતિમાં આવિર્ભાવ પામતો જીવ તે એ પુરુષોત્તમનો અંશ છે. અને પ્રકૃતિથી પર રહીને એ પુરુષોત્તમ જ કર્મનું સંચાલન કરે છે. માનવે એ પુરુષોત્તમને પોતાની પ્રેમભક્તિ અર્પવાની છે અને કર્મરૂપી યજ્ઞ એને અનુલક્ષીને કરવાનો છે. આપણી સમગ્ર અંતરની અને બહારની ચેતના, આપણું સમગ્ર જીવન એ પુરુષોત્તમને આપણે સમર્પિત કરવાનું છે. આપણી ચેતનાને ઊર્ધ્વ ગતિ કરાવીને એની દિવ્ય ચેતનામાં લઈ જવાની છે અને તેનામાં એને સ્થાપિત કરવાની છે. એ પ્રમાણે કરવાથી માનવનો આત્મા પુરુષોત્તમની દિવ્ય પરાત્પરતામાં ભાગીદાર બની શકે છે. અને કર્મોના બંધનથી પર રહીને, સંપૂર્ણ આધ્યાત્મિક મુક્તિ સહિત કર્મો પણ કરી શકે છે.

પ્રથમ પગલું કર્મયોગ છે જેમાં સ્વાર્થ રહિત થઈને સર્વ કર્મો પ્રભુને યજ્ઞની આહુતિરૂપે અર્પણ કરવાનાં હોય છે. બીજું પગલું જ્ઞાનયોગનું બનેલું છે, તેમાં આત્મસાક્ષાત્કારનો, એટલે કે આત્માના સ્વરૂપના તથા જગતના એટલે પ્રકૃતિના જ્ઞાનનો સમાવેશ થાય છે. પણ આ ગીતાના જ્ઞાનયોગની સાધના કરતાં કર્મનો યજ્ઞ બંધ કરવો પડતો નથી. એમાં કર્મ અને જ્ઞાન એકબીજામાં મળે છે પણ લય પામી જતાં નથી. ત્રીજું પગલું ભક્તિયોગનું છે. એમાં માનવ પોતાની અંદર પુરુષોત્તમ રૂપ પ્રભુની ખોજ કરે છે. આમાં ભક્તિ ઉપર ઝોક છે પણ તેથી જ્ઞાનયોગ ગૌણ બનતો નથી. પરંતુ ઉન્નત બને છે, જીવંત થાય છે અને સંપૂર્ણ કળાએ પહોંચે છે, અને સાથે સાથે કર્મનો યજ્ઞ પણ ચાલુ રહે છે. કર્મ



અને જ્ઞાનની બે દળવાળી સાધનામાં ભક્તિ ઉમેરાઈને કર્મ, જ્ઞાન અને ભક્તિનો ત્રિમાર્ગ બને છે અને ગીતામાં યજ્ઞનું પરમ ફળ સાધક પાસે મૂકવામાં આવ્યું છે તે, એટલે કે પ્રભુ સાથેનું અદ્વૈત, પ્રભુ સાથે સંપૂર્ણ યોગ, તથા પ્રભુની દિવ્ય પ્રકૃતિ સાથે સાધર્મ્ય ગતિ પણ તેને પ્રાપ્ત થાય છે.

### પ્રકરણ પાંચમું

# કુરુક્ષેત્ર

ગીતાના ગુરુએ આપણને ત્રિમાર્ગ બતાવ્યો. એ ત્રિમાર્ગ એટલે માનવની સંકલ્પશક્તિ, ભાવશક્તિ અને બુદ્ધિશક્તિ એ ત્રણેને પરાત્પર પુરુષોત્તમ પ્રત્યે આરોહણ કરાવીને સર્વ કર્મ, ભક્તિ અને જ્ઞાનનો જે એકમાત્ર અને પરમ આશ્રય છે, એકમાત્ર પ્રાપ્તવ્ય છે, તે પુરુષોત્તમમાં લઈ જવી, અને એનામાં એ ત્રણેની પ્રતિષ્ઠા કરવી. પરંતુ એ ત્રિમાર્ગની ગતિ આપણે બરાબર જોઈ શકીએ તે પહેલાં ગીતાનો ઉપદેશ જે પરિસ્થિતિમાંથી ઉદ્ભવે છે તેનો આપણે ફરીથી એક વાર વિચાર કરી લેવો જોઈએ. પણ હવે એ પરિસ્થિતિને આપણે માનવજીવનના એક પ્રતીક તરીકે તથા સમગ્ર વિશ્વ જીવનના એક અંગ તરીકે, અર્થાત્ એના વિશાળમાં વિશાળ સ્વરૂપમાં વિચારીશું. કારણ કે આમ તો અર્જુનનો એ ઉપદેશ સાથેનો સંબંધ ફક્ત એની પોતાની અંગત પરિસ્થિતિ પૂરતો, એના અંતરમાં જાગેલા વિસંવાદને લગતો છે. પોતે કર્મનો કયો નિયમ અનુસરવો એ જાણવા પૂરતો એનો પ્રશ્ન છે. પરંતુ આપણે આગળ જોઈ ગયા તેમ, અર્જુન જે ખાસ પ્રશ્નો ઉપસ્થિત કરે છે અને જે રીતે એ પ્રશ્નો મૂકે છે, તે ખરું જોતાં સમગ્ર માનવજીવનનો અને માનવકર્મનો આખો ય પ્રશ્ન ઉપસ્થિત કરે જ છે. આ જગત શું છે ? જગત શા માટે છે ? અને જગત જેવું છે તેવું આપણે સ્વીકારીએ તો સંસારનું જીવન અને આધ્યાત્મિક જીવન એ બંનેનો મેળ કેવી રીતે બેસાડી શકાય ? ગીતાના દિવ્ય ગુરુ આ બધા મહાન અને ગહન પ્રશ્નોના ઉકેલ આપવાનો આગ્રહ કરે છે, એવા ઉકેલની જરૂર પર ખાસ ભાર મૂકે છે. અર્થાત્ અર્જુનને કર્મ કરવાનો આદેશ તે આપે છે પરંતુ તેના પાયામાં એ મુશ્કેલીભર્યા પ્રશ્નોનો ઉકેલ લાવવાનો આગ્રહ તે કરે છે. આમ અર્જુનનું હવે પછીનું કર્મ ચેતનાની એક નવી જ ભૂમિકામાંથી, મુક્તિ આપનાર જ્ઞાનની જ્યોતિમાંથી પ્રગટ થવું જોઈએ.

તો પછી, જે માણસને જગત જેવું છે તેવું સ્વીકારવું પ્રાપ્ત થાય છે, જેને એ જગતમાં કર્મ કરવાનાં હોય છે તથા જેને સાથેસાથે પોતાના અંતરમાં આધ્યાત્મિક જીવન ગાળવાની આ સ્પૃહા પણ જાગ્રત હોય છે તેને કઈ જાતની મુશ્કેલી નડે છે ? જીવનની એવી કઈ બાજુ છે, જીવનનું એવું કયું પાસું છે જે માનવના જાગ્રત થયેલા મનને હચમચાવી મૂકે છે અને વિશ્વ જેવું છે તેવું જોવાની ફરજ પડતાં ગીતાના પહેલા અધ્યાયનું સાર્થક નામ 'અર્જુન વિશાદ' છે તેવો વિશાદ અને નિરુત્સાહ માનવને થઈ આવે છે ? જગતનું એ દૃશ્ય કયું છે જે જોઈને માનવની પોતાની નીતિમત્તાની અને પોતે સાચો છે એ માન્યતાની ભ્રમણાનો પડદો ચિરાઈ જાય છે અને પોતાના અંતરાત્મામાં માનવ કોઈ વધારે ઊંચા પ્રકારનું સમાધાન પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી એની સ્થિતિ એવી ને એવી જ રહે છે ? વિશ્વનું એ દૃશ્ય સ્થૂલ રૂપે આપણી સામે કુરુક્ષેત્રના સંગ્રામના વિનાશના રૂપમાં મૂર્તિમંત થઈને ઊભું છે. અને આધ્યાત્મિક દૃષ્ટિએ સકળ સૃષ્ટિ ઉત્પન્ન કરનાર, પ્રભુના કાલસ્વરૂપમાં આપણને એ સત્ય દેખાય છે. પોતે ઉત્પન્ન કરેલા લોકમાત્રનો સંહાર કરવાને, માનવોનું ભક્ષણ કરવાને એ કાલ પ્રવૃત્ત થયેલ છે. આ દર્શન એટલે સર્વ પ્રાણીના ઈશ્વરનું સર્જક તરીકેનું જ નહિ પરંતુ સાથેસાથે વિશ્વના સંહારક તરીકેનું પણ દર્શન છે. એના વિષે પ્રાચીન દર્શન એક નિર્દય ઉપમા આપીને કહે છે : 'ઋષિઓ અને વીર પુરુષો એનો આહાર છે અને મૃત્યુ એના આહારનો મસાલો છે, ચટણી છે.' આ બન્ને સ્થૂલ અને સૂક્ષ્મ સ્વરૂપમાં જે સત્યનું દર્શન થાય છે તે એક જ સત્ય છે. પ્રથમમાં સત્ય આડકતરી રીતે અને અસ્પષ્ટપણે જીવનની એક વિશિષ્ટ ઘટનામાં આપણે જોઈએ છીએ. બીજામાં એનું એ દર્શન સીધેસીધું અંતરાત્માનાં ચક્ષુને થાય છે. એ સત્યનું બહારનું સ્વરૂપ જોતાં આપણને વિશ્વજીવન અને માનવજીવન એ બે વસ્તુઓ દેખાય છે અને એ બંને સંઘર્ષ અને વિનાશ વડે પોતાની પ્રગતિ સાધતાં જણાય છે. અંદરથી એ સત્યને જોતાં આપણને જણાય છે કે વિશ્વાત્મા અસીમ સર્જન અને પ્રચંડ વિનાશ એ બન્ને મારફત પોતાની કોઈ સાર્થકતા સાધી રહેલા છે. જીવન એટલે સંગ્રામ અને મૃત્યુનું ક્ષેત્ર. એનું જ નામ કુરુક્ષેત્ર. પ્રભુ એટલે વિનાશક રુદ્ર. કુરુક્ષેત્રના મેદાન પર ઊભો રહીને અર્જુન જે દૃશ્ય જુવે છે તે આ.

હૅરેક્લીટસ નામનો ગ્રીક મીમાંસક કહે છે : 'યુદ્ધ સર્વનો પિતા છે,' 'યુદ્ધ સૌનો રાજા છે, સમ્રાટ છે.' અને એ ગ્રીક મીમાંસકનાં બીજાં ઘણાં સૂત્રો પેઠે આ સૂત્રો પણ કોઈ ગહન સત્યનો નિર્દેશ કરે છે. ભૌતિક કે અન્ય પ્રકારની અજ્ઞાત શક્તિઓના સંઘર્ષમાંથી આ જગત પોતે નહિ તો જગતમાં જે કાંઈ છે



તે સઘળું જન્મતું દેખાય છે. શક્તિઓ વૃત્તિઓ, સિદ્ધાંતો, તત્ત્વો અને પ્રાણીઓ પરસ્પર ઝઘડે છે અને એવા કલહને પરિણામે વિશ્વમાં સઘળી વસ્તુઓ પ્રગતિ કરતી જણાય છે. વિશ્વવ્યાપી એ વિરાટ સંગ્રામમાં નવીનવી વસ્તુઓ સર્જાય છે, જૂની વસ્તુઓ વિનાશ પામે છે. અને એ રીતે સર્જન-વિનાશ કરતું આ વિશ્વ કઈ દિશામાં જઈ રહ્યું છે તે આપણે જાણતા નથી. કેટલાક કહે છે કે આ વિશ્વ કોઈ આખરી આત્મવિનાશ પ્રત્યે જઈ રહ્યું છે. બીજા કેટલાક એમ કહે છે કે અંત વગરની, નિરર્થક એવી ઘટમાળ જેવી યુગચક્રોની ગતિમાં એ ગોળગોળ ફર્યા જ કરવાનું છે. વધારેમાં વધારે આશાવાદી નિર્ણય એ છે કે વિશ્વની ગતિનું એ ચક્ર ક્રમે ક્રમે પ્રગતિ સાધતું આગળ ધપ્યું જ જાય છે અને અનેક પ્રકારનાં સંકટો, યાતનાઓ અને અવ્યવસ્થામાં થઈને વધુ ઊર્ધ્વ પ્રકારની કોઈ દિવ્ય સાર્થકતાની વધારે ને વધારે સમીપ જઈ રહેલું છે. એ ગમે તે હોય, પરંતુ એટલું તો નક્કી છે કે આ જગતમાં વિનાશ વિનાનું સર્જન થતું જોવામાં આવતું નથી. એટલું જ નહિ પરંતુ પરસ્પર વિરોધી, સામસામે ખેંચી રહેલી એવી શક્તિઓ વિના સંવાદ યાને સુમેળ પણ દેખાતો નથી. એ સંવાદિતા કેટકેટલા પ્રત્યક્ષ અને શક્ય એવા વિસંવાદોને પરિણામે જન્મે છે. વળી જીવનને સતત ટકાવી રાખવું હોય તો એને સતત જીવન વડે નભાવવું પડે છે, અન્ય જીવનનું ભક્ષણ કરવાથી જ તે ટકી શકે છે. આપણા સ્થૂલ દેહમાં રહેલું જીવન પણ સતત મરણ અને પુનર્જન્મ પામવાની ક્રિયા કરતું હોય છે. કાયારૂપી આપણી નગરી ઘેરો ઘાલેલા શહેરના જેવી છે. બહારની વિરોધી શક્તિઓ એના પર હુમલાઓ કરતી હોય છે, અને રક્ષણ કરનારી શક્તિઓ તેનો બચાવ કરતી હોય છે. એ પ્રમાણે પરસ્પર વિનાશ કરવો એ તે શક્તિઓનો ધર્મ છે. માનવદેહનું આ સંગ્રામમય જીવન આપણા સમગ્ર અસ્તિત્વનો, જીવનમાત્રનો એક નમૂનો છે. વિશ્વના આદિ કાળથી જાણે આજ્ઞા ન થઈ હોય કે 'તારા બંધુઓ સાથે, તારી પરિસ્થિતિ સામે યુદ્ધ કર્યા વિના, તું કદી વિજય નહિ મેળવી શકે. લડાઈ વગર, સંગ્રામ વગર, અન્ય જીવોનું ભક્ષણ કર્યા વગર તું જીવી પણ શકશે નહિ, તારું જીવન પણ નહિ ટકાવી શકે. મેં જે સૃષ્ટિ ઉત્પન્ન કરી છે તેનો પહેલો નિયમ આ છે : ઉત્પત્તિ અને સ્થિતિ સંહાર વડે જ ટકશે !'

વિશ્વનું નિરીક્ષણ કરીને જેટલે સુધી પોતાની દૃષ્ટિ જઈ શકે તેટલે સુધી જોઈને પ્રાચીન મીમાંસકોએ ઉપર જણાવેલા ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારનાં તત્ત્વનો પોતાના શરૂઆતના બિંદુ તરીકે સ્વીકાર કર્યો હતો. પ્રાચીન ઉપનિષદોએ એ સિદ્ધાંતને સ્પષ્ટપણે જોયો અને જાણ્યો હતો, અને જરા પણ બાંધછોડ જેમાં

થઈ ન શકે એવી સંપૂર્ણતાપૂર્વક અને એવા સ્પષ્ટ શબ્દસમૂહમાં એને પ્રગટ કર્યો છે કે એમાં કૃત્રિમ, મધ જેવી મીઠી સમજૂતીને, કે સત્યને ડૂબકાં ખવડાવનાર આશાવાદી તત્ત્વને કશું સ્થાન જ રહેતું નથી. ઉપનિષદના દૃષ્ટાઓએ કહ્યું છે : 'ક્ષુધા મૃત્યુ રૂપ છે, એ જ સૃષ્ટિનો સર્જક છે, એ જ આ જગતનો સ્વામી છે.' અને વિશ્વસમસ્તના પ્રાણમય જીવનને એમણે અશ્વમેઘ યજ્ઞમાં હોમવામાં આવતા અશ્વની ઉપમા આપી છે. વળી પાર્થિવ તત્ત્વને એમણે સામાન્ય રીતે આહાર માટે વપરાતી વસ્તુ 'અન્ન'નું નામ આપ્યું છે. અને નામની સમજૂતી આપતાં એમણે કહ્યું છે કે અમે એને 'અન્ન' કહીએ છીએ કારણ કે (અદ્ = ભક્ષણ કરવું) એનું ભક્ષણ કરવામાં આવે છે. માનવ અન્નને ખાય છે અને અન્ન માનવનું ભક્ષણ કરી જાય છે : ભક્ષ કરનાર ભક્ષક ભક્ષણ કરતાં કરતાં જ પોતે ખવાય છે, ભક્ષાય છે. પાર્થિવ જગતનો એવો નિયમ હોય એમ લાગે છે. ડારવિનના મતવાળાઓએ એ જ નિયમ ફરીને અત્યારના જમાનામાં શોધી કાઢ્યો છે. ડારવિનના ઉત્ક્રાંતિવાદનો મુખ્ય નિયમ 'જીવન માટેનો સંગ્રામ' એ જ સત્ય પ્રગટ કરે છે. આજકાલનાં ભૌતિકશાસ્ત્રીઓએ પ્રાચીન સત્યને ફરીને નવા શબ્દોમાં રજૂ કર્યું છે. ખરું જોતાં હૅરેકલીટસ અને ઉપનિષદનાં સૂત્રોમાં એ સત્ય વધારે સમર્થ, વધારે વિશાળ અને ચોક્કસ રૂપમાં રજૂ થયેલું છે. ***(ક્રમશઃ)***

**શ્રી અરવિન્દ**

(ગીતાનિબંધો પૃષ્ઠ ૪૩ થી ૪૮)



# વૃત્ત વિશેષ

૧૩ ને ૧૪ ઓગસ્ટ, ૨૦૦૮ દરમિયાન સોસાયટી બીચ ઓફિસ, પોંડિચેરી મુકામે સવાલ-જવાબના (અંગ્રેજીમાં) બે દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના દર્શનના પ્રકાશમાં શ્રી મનોજ દાસે પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા. આ દિવસો દરમિયાન જ ડૉ. અલોક પાંડે, પ્રો કીટ્ટુ  રેડ્ડી, શ્રી શ્રદ્ધાલુ રાનડે, શ્રી માત્રી પ્રસાદ, શ્રી કૈવલ્ય સ્માર્ત, તથા શ્રી વિજય કે. પોદ્દારે વાર્તાલાપો રજૂ કર્યા હતા. Women's Council દ્વારા 'શ્રી અરવિન્દનું ભારત' એ વિષય પર વાર્તાલાપો રજૂ કરવામાં આવ્યા હતા. ૧૫ ઓગસ્ટના રોજ શ્રી એમ.એસ. સુંદરરાજને તામિળ ભાષામાં વક્તવ્ય રજૂ કર્યું હતું.

◈ ◈ ◈

ડૉ. અલોક પાન્ડે એ 'સાવિત્રી' ના ૧૨ પુસ્તકો, તેમ જ બધા સર્ગો વિશે સુંદર રજૂઆત ૧૬ થી ૨૦ ઓગસ્ટ દરમિયાન યોજાયેલ જ્ઞાનસત્રમાં કરી હતી.

◈ ◈ ◈

૨ થી ૬ જૂન ૨૦૦૮ દરમિયાન સોસાયટી દ્વારા મુંબઈની જે.બી. પેટીટ શાળાના ૩૬ વિદ્યાર્થીઓ માટે પાંચ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

◈ ◈ ◈

૨૯ સપ્ટેમ્બર ૨૦૦૮, શ્રી અરવિન્દ નિવાસ, વડોદરાના પ્રાપ્તિ દિને નિવાસ પર સવારે ૧૦-૦૦ થી ૧૦-૩૦ સમૂહ ધ્યાન તેમજ શ્રી અરવિન્દના વડોદરા નિવાસ દરમિયાનની પ્રવૃત્તિઓને લગતાં લખાણો તથા છબીઓનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

રાત્રે મ.સ.યુનિ. ના ઑડિટોરિયમમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતાં

શ્રી દર્શનાબહેન ઝવેરી અને તેમના વૃંદે મણીપુરી નૃત્યનો સુંદર કાર્યક્રમ, શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરાના ઉપક્રમે રજૂ કર્યો. શ્રી દર્શનાબહેને પોતાનો આ કાર્યક્રમ શ્રી અરવિન્દ અને શ્રી માતાજીને સમર્પણ ભાવે અર્પણ કર્યો. કાર્યક્રમના પ્રમુખ સ્થાને હતા શ્રીમતી મૃણાલિની સારાભાઇ. અતિથિવિશેષ પદે, વડોદરા શહેરના મેયર, મ.સ.યુનિ. ના કુલપતિ ને ઉપકુલપતિ હાજર રહ્યા હતા. વડોદરાના કલાપારખુ નગરજનોએ સારી સંખ્યામાં ઉપસ્થિત રહી મણીપુરી નૃત્યને માણ્યું અને કળાકારોની કળાસાધનાની મુક્તકંઠે પ્રશંસા કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પરાશરભાઈ દ્વિવેદીએ કર્યું. મહેમાનોને આવકાર શ્રી હંસકુમારભાઈ માંકડે આપ્યો. નિવાસના કાર્યકરોએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું.

## જાહેરાત

૨૧ થી ૨૩ નવે. દરમિયાન, સોસાયટી બીચ ઓફિસ, પોંડિચેરી મુકામેWomen's Council દ્વારા વાર્ષિક સંમેલનનું આયોજન કરવામાં આવનાર છે. સંમેલનનો વિષય છે 'Organisation of Action in Life.' સંપર્ક :- Sec. Women's Council, Sri Aurobindo Society, Beach Office, Pondicherry-605 002.

***

શ્રી અરવિન્દ સ્વાધ્યાય કેન્દ્ર, લુણાવાડા દ્વારા ૧૫ ઑગસ્ટ, ૨૦૦૮ની ઉજવણી ત્યાંના કબીર આશ્રમમાં કરવામાં આવી. કાર્યક્રમોમાં પ્રાર્થના, ધ્યાન, કુલ આઠ વક્તાઓના પ્રાસંગિ વક્તવ્યો, તથા ભક્તિગીતોનું ગાન અને આભારવિધિનો સમાવેશ થયો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને હતા મહંતશ્રી પુરુષોત્તમદાસ સાહેબ. અતિથિવિશેષ હતા શ્રી મનહરભાઈ પરમાર (ગાયત્રી પરિવાર) અને મુખ્ય મહેમાન શ્રી ડી. એમ. સોલંકી. કાર્યક્રમના સફળ આયોજનમાં કેન્દ્રના સૌ સભ્યોનો સહયોગ રહ્યો.

***